જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.0૩/૦૨/૨૦૧૮ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૮૫ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૧ વ્યક્તિની અને પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૧/૧૮**

**સોલા હાઇકોર્ટ :** સંદીપ સુભાષચંદ્ર અગ્રવાલ(રહે,શ્યામ-૪, અલકનંદા સોસાયટીની અંદર વિઠ્ઠલાનગર ચાર રસ્તા પાસે શાહીબાગ) એ તા.૨/૨/૧૮ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઓગષ્ટ/૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન થલતેજ ભાવીન સ્કુલ પાસે શાંતેશ્વર ફાર્મ ની અંદર આરોગ્ય સેલ્સ ખાતે આરોપી રોહીલ બાબુભાઇ પ્રજાપતી (રહે,બાલાજી એપાર્ટમેન્ટ, માનસરોવર રોડ, ચાંદખેડા)એ અલગ-અલગ દુકાનો માંથી શેઠ ની ઉઘરાણી ના કુલ રૂપિયા ૪૬,૦૪૧/- પોતાના અંગત હેતુ સફ વાપરી કાઢી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ગોપાલસીહ લઘધીરસીહ ચલાવે છે.

**કાલુપુર :** વિરેન્દ્રકુમાર સુરેશકુમાર (ઉ.વ.૩૩)(રહે,RZH-85 ગલી નં-૧ રાજનાગર-૨ પાલમ કોલોની સાઉથ વેસ્ટ દિલ્હી) એ તા.૨/૨/૧૮ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૧/૧૮ થી તા.૩૧/૦૧/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર મહાકાળી ગેસ્ટ હાઉસ મા પોતે રોકાયેલ હતા દરમ્યાન ગેસ્ટ હાઉસમા રોકાયેલ આરોપી કેવિન પટેલ સાથે ઓળખાણ થતાં, કેવિને વિરેન્દ્રકુમારનો વિશ્વાસ કેળવી વિરેન્દ્રકુમારનાં ફોન દ્વારા તેઓની જાણ બહાર, વિરેન્દ્રકુમારના ફોન નો ઉપયોગ કરી, ઓનલાઇન એપ્લીકેશનો જેવી કે ફ્લીપ કાર્ડ, એમેઝોન, પે-ટી.એમ. વિગેરે એપ્લીકેશનો મારફતે વિરેન્દ્રકુમાર ના એ.ટી.એમ.નો ઉપયોગ કરી કુલ રૂપિયા ૩,૫૪,૫૩૭/- મતાની ખરીદી કરી, વિરેન્દ્રકુમાર સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જી.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૨/૧૮**

**આનંદનગર :** શરદચં રાયચંદભાઇ શાહ (ઉ.વ.૭૨)(રહે,અસ્વમેઘ બંગલા વિભાગ-૩ બીલેશ્વર મહાદેવ પાસે આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૨/૨૦૧૮ ના કલાક ૦૦/૩૦ થી સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, બેડરૂમના કબાટમાંથી (૧) બે સોનાની બંગડી ક્રિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- (૨) બે સોનાના પેન્ડલ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- (૩) એક સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- (૪) એક સાદી સોનાની પેંડલવાળી ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- (૫) એક સાચા મોતીનો સેટ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- (૬) બે કાંડા ઘડિયાલ કિંમત રૂપિયા ૫,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પોઈ.શ્રી પી.બી.ચૌહાણ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૩/૧૮**

ચાંદખેડા : મધુબેન અશોકભાઇ વસંતભાઇ (ઉ.વ.૫૦)(રહે,ગ્રીનેશ ફ્લેટ અષ્ટક ફલેટની બાજુમા ચાંદખેડા) તા.૨૫/૧/૧૮ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા અષ્ટક ફલેટની સામે રોડ ઉપરથી ચાલતા પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) મધુબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ તા.૨/૨/૧૮ નારોજ મધુબહેને ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.રાઠવા ચલાવે છે.

**૧૩ મા માળેથી પડી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૩૪/૧૮**

**વાસણા :** નીરમા મચ્છાર (ઉ.વ.૧૯)(રહે,સારાંશ અર્થની સાઇડ ઉપર, વાસણા પમ્પીંગ સ્ટેશનની બાજુમાં, જી.બી.શાહ કોલેજની ગલીમાં વાસણા) તા.૨/૨/૧૮ ૧૧/૩૦ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે સારાંશ અર્થની સાઇડ ઉપર “જે” બ્લોકના ૧૩માં માળે ચણતરના સાંધા પુરતી વખતે શરીરનુંબેલેન્સ નહી રહેતા ૧૩ મા માળેથી નીચે પડતા, માથામા તથા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૫/૧૮**

**વટવા :** સુધોધન મધુકર વર્ધે(ઉ.વ.૨૫)(રહે, વિનોબાભાવે નગર વિંઝોલ) ચારેક મહીનાથી બીમાર હોઇ, કોઇ કામ ધંધો કરતો ન હોઇ તેમજ દેવુ થઇ ગયેલ હોઇ, ટેન્શનમાં આવી જઇ તા.૦૧/૦૨/૧૮ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે વડોદરા થી અમદાવાદ તરફ આવતા રેલ્વે ટ્રેક પર મેમુ ટ્રેન નીચે આવી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેન્દ્રસિંહ કેશરીસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.